Letter No: ED/0065/08/2024 Dt: 02-08-2024

લેક્ચરર સંવર્ગની કુલ ૨૫૩ ખાલી જગ્યાઓ ૧૧ માસના કરાર આધારે સંશોધન અને તાલીમ સહાયક તરીકે ભરવાની મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક:- ED/MIS/e-file/3/2023/4747/N

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:-**

(1) શિક્ષણ વિભાગનો તારીખ 19/01/1990 નો ઠરાવ ક્રમાંક: રશભ/1089/33854/ન

(2) શિક્ષણ વિભાગનો તારીખ 04/03/1998 નો ઠરાવ ક્રમાંક: રશભ/1297/1089/ન

(3) શિક્ષણ વિભાગનો તારીખ 13/05/2005 નો ઠરાવ ક્રમાંક: જશભ-1205-197-ન

(4) શિક્ષણ વિભાગનો તારીખ 14/07/2005 નો ઠરાવ ક્રમાંક: જશભ-1205-365-ન

(5) શિક્ષણ વિભાગનો તારીખ 01/10/2019 નો ઠરાવ ક્રમાંક: જશભ-1218-1203-ન

(6) શિક્ષણ વિભાગનો તારીખ 15/06/2021 નો ઠરાવ ક્રમાંક: જશભ-1220-994-ન

(7) શિક્ષણ વિભાગનો તારીખ 07/07/2021 નો ઠરાવ ક્રમાંક: જશભ-1220-993-ન

(8) શિક્ષણ વિભાગનો તારીખ 19/07/2021 નો ઠરાવ ક્રમાંક: જશભ-1220-1017-ન

(9) જીસીઈઆરટીનો તા.07/03/2024 નો પત્રાંક:- જીસીઈઆરટી/ડાયટ-1/1578/2024/230

**પ્રસ્તાવના:-**

વંચાણે લીધેલ સંદર્ભ-(1),(3), (4), (5), (6), (7) અને (8) ના શિક્ષણ વિભાગના ઠરાવથી જી.સી.ઈ.આર.ટી. અને તેના તાબા હેઠળની કચેરીઓનું મહેકમ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ સંદર્ભ-(2) ના શિક્ષણ વિભાગના ઠરાવથી જીસીઈઆરટીને સ્વાયત સંસ્થા બનાવી તેના બંધારણને મંજૂરી આપવામાં આવેલ છે.

જીસીઈઆરટીના સંદર્ભ-(9) ના પત્રથી લેક્ચરર સંવર્ગની કુલ ૨૫૩ ખાલી જગ્યાઓ ૧૧ માસના કરાર આધારે સંશોધન અને તાલીમ સહાયક તરીકે ભરવાની મંજુરી આપવા બાબતે દરખાસ્ત કરેલ હતી, જેની મંજુરી આપવાની બાબત સરકારશ્રીમાં વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

ઉક્ત બાબતે પુખ્ત વિચારણાને અંતેલેક્ચરર સંવર્ગની કુલ ૨૫૩ જગ્યાઓ ૧૧ માસના કરાર આધારે સંશોધન અને તાલીમ સહાયક તરીકે ભરવાની નીચે જણાવેલ શરતોને આધીન સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

**1. યોજનાનુ નામ:**

આ યોજનાનુ નામ **"સંશોધન અને તાલીમ સહાયક"** રહેશે.

**2. યોજનાના અમલીકરણ અધિકારી:**

આ યોજનાના અમલીકરણ અધિકારી તરીકે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર રહેશે.

**૩. સંશોધન અને તાલીમ સહાયક ની શૈક્ષણિક લાયકાત:**

| Sr. No | Branch | Education Qualification |
|---|---|---|
| 1 | Pre Service Teacher Education **(PSTE)** | Masters' Degree as per UGC norms in Gujarati subject and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India.<br><br>B.Ed. with Gujarati and Sanskrit or Hindi is preferably. |
| 2 | Pre Service Teacher Education **(PSTE)** | Masters' Degree as per UGC norms in English subject and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India.<br><br>B.Ed. with English and Sanskrit or Hindi is preferably. |

| | | |
|---|---|---|
| 3 | Pre Service Teacher Education **(PSTE)** | Masters' Degree as per UGC norms in Mathematics subject and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 4 | Pre Service Teacher Education **(PSTE)** | Masters' Degree as per UGC norms in Science subject and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 5 | Pre Service Teacher Education **(PSTE)** | Masters' Degree as per UGC norms in Social Science subject and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 6 | Pre Service Teacher Education **(PSTE)** | Masters' Degree as per UGC norms in Psychology subject and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 7 | Pre Service Teacher Education **(PSTE)** | 1. The candidate should have a Graduate Degree as per UGC norms in Arts / Commerce / Science / Physical Education from any recognized university established by law in India. and,<br>2. The candidate should have Professional Qualification in Physical Education (B.P.Ed.) or Diploma in Physical Education (D.P.Ed.) as per University Grant Commission (UGC) / National Council of Teacher Education (NCTE) / Rehabilitation Council of India (RCI) norms from any recognized university established by law in India.<br>3. The candidate should have Master Degree in Physical Education as per University Grant Commission (UGC) / National Council of Teacher Education (NCTE) / Rehabilitation Council of India (RCI) norms with minimum 55% marks from any recognized university established by law in India.<br>Or<br>1. The candidate should have a Graduate Degree in Physical Education as well as a Post-Graduate Degree in Physical Education with minimum 55 % marks from any recognized university established by law in India [Graduation along with Post-graduation Course in Physical Education of five (05) or more than five (05) years' duration] |
| 8 | Pre Service Teacher Education **(PSTE)** | The candidate should have a Graduate Degree in Fine Arts or Diploma of Fine Arts (Five years integrated course) |
| 9 | In Service Education, Field Interaction and Innovation Co-ordination **(IFIC)** | Master's Degree as per UGC norms in Arts or Science or Commerce and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 10 | District Resource Unit **(DRU)** | Master's Degree as per UGC norms in Humanities or Social Science or Science and Social Works or Social Service or Social Development or Rural Development or Rural Service M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 11 | Planning and Management **(P&M)** | Master's Degree as per UGC norms in Economics or Statistics or Public Administration or commerce and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |

| | | |
|---|---|---|
| 12 | Education Technology **(ET)** | MCA or M.Sc. (IT) or M.E./M.Tech (Computer / Computer Science) or M.E./M.Tech (I.T.) or M.sc. (Computer / Computer Science) as per UGC norms from a recognized university established by law in India.<br><br>and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 13 | Work Experience **(WE)** | Master's Degree as per UGC norms in Science or Social Science or Agriculture or Home Science or Rural Study and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |
| 14 | Curriculum, Material Development and Evaluation **(CMDE)** | Master's Degree as per UGC norms in Arts or Science or Commerce and M.Ed. or its equivalent degree as per UGC/NCTE/RCI norms with minimum 55% marks from a recognized university established by law in India. |

**4. સંશોધન અને તાલીમ સહાયકની સેવાકીય વિગતો :**

| ક્રમ | વિગતો | ધારાધોરણો |
|---|---|---|
| 1 | ઉમેદવારની મહત્તમ વયમર્યાદા (અરજી તારીખે) | 42 વર્ષ |
| 2 | પરીક્ષા લેનાર | રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર |
| 3 | પરીક્ષાની પધ્ધતિ | **દ્વિસ્તરીય**<br><br>પ્રથમ પરીક્ષા : MCQ (200 માર્ક્સ)<br><br>બીજી પરીક્ષા : વર્ણનાત્મક (200 માર્ક્સ) |
| 4 | મેરીટ લીસ્ટ તૈયાર કરવાની પધ્ધતિ | સંશોધન અને તાલીમ સહાયકની જગ્યાઓ માટે નિયત થયેલ પરીક્ષાનું પરિણામ રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા પ્રસિદ્ધ થયા બાદ શાખાવાર તથા વિષયવાર બનતા મેરીટ લીસ્ટ મુજબ |
| 5 | 11 માસના કરારથી નિમણૂક આપવાની કાર્યવાહી | ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર |
| 6 | ઉચ્ચક માનદ્ વેતન માસિક | ગુજરાત સંશોધન અને તાલીમ સહાયકનું માસિક માનદ્ધ વેતન રૂપિયા: 26000/- (અંકે રૂપિયા છવ્વીસ હજાર પૂરા) ફિક્સ રહેશે. |
| 7 | કરારનો સમયગાળો | 11 માસ<br><br>11 માસનો કરારનો સમયગાળો પૂર્ણ થયેથી કરાર આપોઆપ રદ્દ થયેલો ગણાશે. |
| 8 | કરારની સત્તા | • ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરની જગ્યાઓ માટે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર<br>• જિલ્લા શિક્ષણ તાલીમ ભવનોની જગ્યાઓ માટે સંબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન<br>• બંને પ્રકારની સંસ્થાઓ દ્વારા કરારના અંતે કામગીરીની સમીક્ષા કરવામાં આવે અને સમીક્ષાના આધારે કામગીરી યોગ્ય અને જરૂર જણાયે નવેસરથી કરાર કરી શકાશે. |

**5. માર્ગદર્શક સૂચનાઓ અને શરતો:**

A. **સંશોધન અને તાલીમ સહાયકની નિમણૂક માટેની સત્તા :**

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર અને તેના તાબા હેઠળના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં લેક્ચરર સંવર્ગના મંજૂર મહેકમ સામે ખાલી જગ્યા હોય તેવા કિસ્સામાં 'સંશોધન અને તાલીમ સહાયક' 11 માસના કરારથી ભરવાની સત્તા ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગરની રહેશે.

B. **સંશોધન અને તાલીમ સહાયકના નિમણૂકની જગ્યાઓ તથા ફાળવણીની પ્રક્રિયા:**

1. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર ખાતેની મંજૂર મહેકમ સામેની લેક્ચરર સંવર્ગની ખાલી જગ્યાઓની યાદી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવશે. જ્યારે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોમાં મંજૂર મહેકમ સામેની લેક્ચરર સંવર્ગની ખાલી જગ્યાઓ માટે જે તે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા આવી જગ્યાઓની યાદી તૈયાર કરી સંશોધન અને તાલીમ સહાયક માટેની માંગણીની દરખાસ્ત ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગરને રજૂ કરવાની રહેશે.
2. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ એ દર વર્ષે સંશોધન અને તાલીમ સહાયકોની શાખાવાર અને વિષયવાર ખાલી જગ્યાઓની યાદી પ્રસિદ્ધ કરવાની રહેશે અને જાહેરાત આપી અરજીઓ મંગાવવાની રહેશે, મળેલ અરજીઓનો data રાજ્ય પરીક્ષા બોર્ડને આપવાનો રહેશે.

રાજ્ય પરીક્ષા બોર્ડ આ ઠરાવમાં દર્શાવેલ દ્વિ-સ્તરીય પરીક્ષા લેશે અને તેનું પરિણામ આપશે. પરિણામના આધારે મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં કટ ઓફ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જી.સી.ઈ.આર.ટી. ના પરામર્શમાં નક્કી કરવામાં આવશે. લેખિત કસોટીમાં 60% ગુણ મેળવનાર ઉમેદવારોનો મેરીટ લીસ્ટમાં સમાવેશ કરી શકાશે. મેરીટ યાદી શાખાવાર અને વિષયવાર તૈયાર કરવામાં આવશે.

3. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં સંશોધન અને તાલીમ સહાયક તરીકે કામગીરી માટે સ્થળ પસંદગી ઓનલાઈન આપવામાં આવશે.
4. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર મેરીટ ક્રમ પ્રેફરન્સ ના આધારે શાખાવાર અને વિષયવાર પસંદગી યાદી તૈયાર કરી સબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોને મોકલી આપશે.
5. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ને પસંદગી યાદી મળ્યેથી ફાળવેલ ઉમેદવાર સાથે 11 માસનો કરાર કરી તેમને જે તે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં સંશોધન અને તાલીમ સહાયક તરીકે રાખવાના રહેશે.
6. સંશોધન અને તાલીમ સહાયકની પ્રતિક્ષા યાદી ઓપરેટ કરી પસંદગી યાદી તૈયાર કરાવવાની સત્તા નિયામકશ્રી ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરની રહેશે.
7. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ અથવા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ખાતે નિમણૂંક પામેલ ઉમેદવારનો 11 માસનો કરારનો સમયગાળો પૂર્ણ થયેથી કરાર આપોઆપ રદ થયેલ ગણાશે.

**6. સંશોધન અને તાલીમ સહાયકની કામગીરીની સમીક્ષા અને નવા કરારની પ્રક્રિયા :**

A. સંશોધન અને તાલીમ સહાયકનો 11 માસનો કરાર કરવાનો રહેશે. આ કરાર ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર અથવા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા કરવાનો રહેશે.
B. કરારનાં અંતે કામગીરીની સમીક્ષા(Review) કરવામા આવશે.

i. સમીક્ષા કરવા માટેની સમિતિમાં ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર અથવા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કક્ષાએ નક્કી થયેલ સદસ્યો રહેશે.

ii. સમીક્ષાના અંતે સંશોધન અને તાલીમ સહાયકની કામગીરી સંતોષકારક જણાશે તો ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર અથવા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની સમિતિ દ્વારા સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર આપવામાં આવશે. તેઓએ નવેસરથી અરજી કરવાની રહેશે.

**7. સંશોધન અને તાલીમ સહાયકને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ અથવા અન્ય જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં ફાળવવા માટેની પ્રક્રિયા :**

1. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કક્ષાએ નિયમિત લેક્ચરરની ભરતી થતા અથવા પ્રસુતિ રજા અથવા લાંબી રજા પર ગયેલ લેક્ચરર પાછા ફરે અથવા લેક્ચરરની બદલીથી લેક્ચરર હાજર થયેથી અથવા 11 માસ માટે બેમાંથી જે વહેલુ હોય તેટલા સમય માટેનો કરાર કરવાનો રહેશે.
2. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન માં 11 માસ કરારથી જોડાનાર સંશોધન અને તાલીમ સહાયકની જગ્યા પર નિયમિત રીતે નવી નિમણૂક કે બદલીથી કે રજા પરથી કોઈ લેક્ચરર હાજર થયેથી આ સંશોધન અને તાલીમ સહાયક ને છુટા કરવાના રહેશે.
3. છુટા કરાયેલ સંશોધન અને તાલીમ સહાયક ના કિસ્સામાં જો સંશોધન અને તાલીમ સહાયક અન્ય જિલ્લાની સબંધિત શાખા અને વિષયવાર ખાલી જગ્યા પર કામગીરી કરવા સંમતિ આપતા હોય તો તેઓએ આ અંગે રાજ્ય કક્ષાના પોર્ટલ પર અરજી કરવાની રહેશે.
4. આવી અરજી પરત્વે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરે કાર્યવાહી કરી Merit cum Preference મુજબ જે તે સંશોધન અને તાલીમ સહાયકને અન્ય જિલ્લાની મળવાપાત્ર જગ્યા પર ફાળવણી કરવાની રહેશે.

**8. સંશોધન અને તાલીમ સહાયકોના ઉચ્ચક માનદ્ વેતનની ચુકવણી:**

1. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન માટે ફાળવેલ સંશોધન અને તાલીમ સહાયકને નિયત માનદ્ વેતન ઉચ્ચક દરે રૂ. 26000/- (અંકે રૂપિયા છવ્વીસ હજાર પૂરા) ચૂકવવામાં આવશે.
2. આ યોજના અંગે ગ્રાન્ટ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો ને ફાળવવામાં આવશે.
3. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો દ્વારા સંશોધન અને તાલીમ સહાયકનું માનદ વેતન ચૂકવણુ E-Payment થી કરવાનુ રહેશે.
4. જો કોઈ સંશોધન અને તાલીમ સહાયકને સંબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં મંજૂર મહેકમ કરતાં વધારે સંખ્યામાં ચાલુ રાખવામાં આવશે તો તેની જવાબદારી જે તે સંબંધિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ના પ્રાચાર્યની રહેશે.

**9. કાયમી જગ્યા માટેનો હક્ક-દાવો:**

સીધી નવી ભરતી કે બદલીથી જગ્યાઓ ન ભરાય ત્યાં સુધી આ વચગાળાની કરાર આધારિત યોજના હોવાથી આ યોજના અંતર્ગત કરાર આધારિત નિમણૂક પામનાર કોઈ પણ વ્યક્તિ કરારમાં દર્શાવ્યા સિવાયના કાયમી નોકરી કે સેવા જોડાણ કે અન્ય કોઈપણ પ્રકારના સેવાકીય હક કે લાભ માટે દાવો કરી શકશે નહીં.

આ હુકમ સમાનાકી ફાઈલ પર નાણા સલાહકારશ્રી (શિક્ષણ)ની તા.૨૩/૦૫/૨૦૨૪ અને સચિવશ્રી(પ્રા.શિ. અને મા.શિ.)ની તા.૨૩/૦૫/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હેતલ સચાણીયા)

સેક્શન અધિકારી

Signature valid
Signed by:Hetal A sachaniya
Section officer
Date: 2024.08.02 16:03:23 +05:30

શિક્ષણ વિભાગ

પ્રતિ,

(૧) અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) અ.મુ.સચિવશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૩) સચિવશ્રી (પ્રા.& મા.શિ.) ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) નાયબ સચિવ અને નાણા સલાહકારશ્રી (શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

(૫) નિયામકશ્રી, જીસીઈઆરટીની કચેરી,સેક્ટર-૧૨,ગાંધીનગર.

(૬) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૭) પગાર અને હિસાબી અધિકારી અમદાવાદ/ગાંધીનગર.

(૮) જિલ્લા તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર.

(૯) સિલેક્ટ ફાઇલ

Signature valid

Signed by:Hetal A sachaniya
Section officer
Date: 2024.08.02 16:03:23 +05:30